# જૂનાગઢ  કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ" અડદ (ટ્રુથફુલ) બિયારણના વેચાણ બાબત

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખરીફ-૨૦૨૫ ઋતુમાં વાવેતર માટે **અડદ GU-2 ટ્રુથફૂલ** બીયારણ ખરીદી માટે ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવેલ. તે અરજી મુજબના ખેડૂતોને આ સાથે નીચે જણાવેલ શરતોના ચુસ્તપણે પાલન કરવાની શરતે બિયારણ આપવાનું થાય છે. બિયારણના ભાવની વિગતો નીચે કોષ્ટકમાં જણાવેલ છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૫૦૭૦ તથા ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૫૦ થી સંપર્ક કરવો.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | ભાવ રકમ રૂપિયા |
|---|---|---|
| અડદ GU-2 | ટ્રુથફૂલ | રૂ.૨૮૦/- પ્રતિ બેગ (૨ કિલો) |

<u>**વેચાણનો સમય**</u> **:-** સવારના ૮:૩૦ થી ૧૨:૦૦ તથા બપોરના ૩:૦૦ થી ૫:૩૦

<u>**વેચાણનું સ્થળ**</u> **:-** મેગાસીડ, બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

<u>**નોંધ**</u> **:-** ઓનલાઈનન અરજીની નોંધણી થયા બાદ નીકળેલ પાવતીની પ્રિન્ટ કાઢીને તેમાં અરજદારે સહી કરી તેને બિયારણ લેવા આવો ત્યારે જમા કરાવવાની રહેશે.

<u>**"ગીર સાવજ" અડદ (ટ્રુથફુલ) બિયારણના મેળવવા માટેની શરતો**</u>

1. ખેડૂતમિત્રોએ બિયારણ ખરીદી માટે જૂનાગઢ ખાતે  લેવા આવવાનું રહેશે.
2. માન્ય અરજીવાળા ખેડૂત અરજદાર ભાઈઓને બિયારણ કઈ તારીખે લેવા આવવું તેની માહિતી આપના દ્વારા અરજીમાં નોંધવામાં આવેલ મોબાઈલ નંબર પર SMS થી જાણ કરવામાં આવશે.
3. બિયારણ ખરીદી માટે અરજદારને ફાળવવામાં આવેલ તારીખે જ બિયારણ મળશે. એટલે કે અરજદારને જે તારીખે બિયારણ લેવા આવવા માટે ફાળવવામાં આવેલ હોય તે તારીખે જ  લઈ જવાનું રહેશે. ફાળવવામાં આવેલ તારીખે જો બિયારણ ખરીદવા નહિ આવે તો તેનો દાવો રદ ગણવામાં આવશે અને ત્યારબાદ યાદી મુજબ ક્રમમાં આવતાં અન્ય ખેડૂતને તેનો લાભ મળશે.
4. જે ખેડૂતમિત્રોની અરજી મંજુર થઈ છે તેઓને જયારે તેમનો વારો આવે ત્યારે હાજર સ્ટોકમાં હશે તે મુજબ અરજી દીઠ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં અડદમાં ૨૦ બેગ (૪૦ કિ.ગ્રા.) સુધી મળવાપાત્ર થશે.

તારીખ :- ૦૯/૦૭/૨૦૨૫
સ્થળ :- જૂનાગઢ

**પ્રાધ્યાપક અને વડા**
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-૩૬૨૦૦૧